# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૨ અંક : ૨૮૮



પ્રમુખ

**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**

મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી

**પંકજ હિરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો

**દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૦૪૦ - ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**પ્રદિપ કેશવલાલ સંઘવી**

મો. ૯૪૪૦૬ ૦૧૬૬૯

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન: ૦૪૦ - ૨૪૭૫૨૩૮૩

email : hydkmm@gmail.com



*મુદ્રક* : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



''નિયાંપો'' માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર,

ઓગસ્ટ મહિનો એટલે ફુલ ઓફ સેલીબ્રેશન્સ. કેટકેટલા તહેવારો અને અનોખી તેના સેલીબ્રેશનની રીત. પરંતુ બધામાં જો મુખ્ય ભુમીકા જો જોઇએ તો સ્ત્રીઓની જ છે. બધી બહેનો ભાઇઓને રાખી બાંધશે, અને ભાઇઓની જવાબદારી તેમની રક્ષા કરવાની પરંતુ આજના યુગમાં સ્ત્રીઓ પોતેજ જ્યારે આત્મનિર્ભર બની રહી છે ત્યારે પોતાની સ્વરક્ષા પોતેજ કરતા પણ શીખવુંજ પડશે.

આ વર્ષ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં દેશની પ્રતિષ્ઠામાં એક વધારાનું આકર્ષણ એટલે કે ગયા મહિનેજ ISRO સંસ્થા દ્વારા કરાયેલું ચંદ્રયાન-૨નું સફળ ઉડાન. તથા કાશ્મીર માંથી કલમ ૩૭૦ હટાવાઇ. આમ દેશની પ્રગતિ તો છેજ. પરંતુ આપણે પોતાની પ્રગતિ પણ કરતાજ રહેવાની છે. પોતાની, કુટુંબની, સમાજની પ્રગતિ થીજ દેશની પ્રગતિ થશે.

કચ્છી મિત્ર મંડળની બધીજ સમીતીઓ નવા સંચાલકો સાથે કાર્યરત થઇ ચુકી છે. નવા વિશેષ કાર્યક્રમો માણવા આપ સૌ તૈયાર રહેશો.

**HAPPY INDEPENDENCE DAY**



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

## *અષાઢી બીજ કચ્છી નવ વર્ષ ની શુભકામના....*

કારોબારી સમિતિનાં દરેક સભ્યો ના સાથ સાથે કાર્યભાર વ્યવસ્થિત રીતે શરૂ કરવામાં આવેલ છે, સમિતિનાં સંચાલકોની નિમણુંક સાથે દરેક સમિતિ સંચાલકે પોતાનું કાર્ય શરૂ કરી દીધેલ છે.

શિક્ષણ સહાયતા અર્થે આવેલ ફોર્મ ના ચેકો અર્પણ કરવામાં આવી રહેલ છે. આ માસ દરમ્યાન અંદાજીત ૯ લાખ સુધી ની સહાયતા આપવામાં આવેલ છે.

મનોરંજન સમિતિ દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજ નિમિત્તે કાર્યક્રમ 'યહ શામ મસ્તાની' નું આયોજન કરવામાં આવેલ જે ખુબજ સફળ રહેલ.

સર્વ મેમ્બરોની વિનંતી ને ધ્યાનમાં રાખી ફરી એકવાર બાલ વિકાસ સમિતિની રચના કરવામાં આવેલ છે, અંદાજીત ૭૦ બાળકોનું રજીસ્ટ્રેશન આવી ગયેલ છે.

આગામી કાર્યક્રમ માં રમતગમત સમિતિ દ્વારા 'ગલ્લી ક્રીકેટ' બોક્ષ ક્રીકેટનું આયોજન, મહિલા સમિતિ દ્વારા કાર્યક્રમ, શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા ધ્વજવંદનનું કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે.

ભવન મધ્યે જરૂરીયાત મુજબનું મેન્ટેનન્સનું કાર્ય કરવામાં આવી રહેલ છે, સભ્યપદનું રજીસ્ટર અપડેટ કરવામાં આવી રહેલ છે, સાધન સામગ્રીમાં જરૂરીયાત મુજબ નો સામાન ટુંક સમયમાં લેવામાં આવશે.

ભવન મધ્યે નિયમિત નિશુલ્ક યોગ ક્લાસીસ ચાલુ છે, સર્વ મેમ્બરોને આનો લાભ લેવા વિનંતી નિયમીત બેડમીંટન રમવા માટે સવારના ઘણા મેમ્બરો ભાગ લઈ રહેલ છે, ભાગ લેવા ઈચ્છનાર મેમ્બર સવારના જોડાઇ શકે છે,

માવજત ક્ષેત્રે આપવામાં આવતી ડાયગ્નોસ્ટીક ટેસ્ટ ઉપર રાહત સમયસર આપવામાં આવી રહેલ છે, રીઅમબરસમેન્ટ માટે ડોકટર પ્રીસ્ક્રીપ્શન, ફેમીલી ઈન્વેસ્ટીગેટીંગ કાર્ડની કોપી તથા ઓરીજીનલ પેમેન્ટ રીસીપ્ટ સાથે લાવવાની જરૂર છે.

ભવન બુકીંગ મેમ્બર માટે બુકીંગ ના સમયે કચ્છી મિત્ર મંડળ આઈડેન્ટી કાર્ડની ઝેરોક્સ કોપી આપવાની જરૂરી છે તે સર્વ મેમ્બરને જાણ કરવામાં આવે છે.

માયનોરીટી માટે ની વિવિધ રાહત સરકાર દ્વારા આપવામાં આવે છે, આ માટે સંચાલક શ્રી પંકજ વલ્લભજી સાવલાનો સંપર્ક કરવું.

શિક્ષણ ક્ષેત્રે, સહાય અર્થે ની અપીલ નિયાપો દ્વારા આપવામાં આવેલ છે, સર્વ મેમ્બર પરિવારોને આ સહાય યોજનામાં જોડાવા નમ્ર વિનંતી છે.

આ માસ દરમ્યાન નીચે મુજબના અનૂદાન શિક્ષણ સહાય માટે મંડળને પ્રાપ્ત થયેલ છે.

રૂા. ૩૩૦૦૦.૦૦ શ્રી દેવચંદ શામજી ગાલા, દેવપૂર દાતા પરિવારનો આભાર.

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
પ્રદિપ કેશવલાલ સંઘવી

જય જીનેન્દ્ર,

આપ સર્વેને **HAPPY FRIENDSHIP DAY**

સ્વતંત્ર ભારત દેશ, જ્યાં રોજની નવી સમસ્યાઓ છે. તે આંતરિક હોય કે બહારની. આ બધાની વચ્ચે પણ આપણે ઉત્સવો મનાવવાનું ચુક્તા નથી. ચિંતામુક્ત તથા આનંદિત રહેવામાં આ ઉત્સવોનો પણ બહુ મોટો ફાળો રહ્યો છે.

કાશ્મીરની વિકટ પરિસ્થીતી, તથા વિવિધ રાજ્યોમાં વરસાદ થી વિનાશ, પુર જેવી ભયાનક પરિસ્થિતિમાં પણ ચંદ્રયાન – ૨ નું ઉડાન. આ બધુ વિચારતા એ વાત તો ચોક્કસ કહી શકાય કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ મહત્વના નિર્ણયો અડગ રહીને લેવાજ જોઈએ.

સ્વતંત્રતા દિવસ, રક્ષાબંધન તથા જન્માષ્ટમીની શુભેચ્છા. ચાતુર્માસ પ્રારંભ થઈ ગયો છે. આપ સર્વે ધર્મારાધના કરતા રહેશો.

**જાહેર ખબર માટે ખાસ સુચના :** નિયાપોમાં જે કોઈ ભાઈ બહેનો જાહેર ખબર આપતા હોય તેમને ખાસ વિનંતી કે જાહેર ખબરની મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસીદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ ચંદ્રપ્રભા ગ્રાફિક્સમાં આપવી નહીં

નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી ‘ નિયાપો’ ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારીખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારીખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો.

– સંપાદકો

## NIYAPO - Revised Adervisement-Rates (Effective from 1-10-2018)

### COLOUR

| | | Monthly Rates | | Annual Rates | |
|---|---|---|---|---|---|
| * 1) | Last Cover Page (Outside) | Rs. | 3200/- | Rs. | 35200/- |
| * 2) | Second Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| * 3) | Last Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| 4) | Pin Page | Rs. | 2500/- | | |

### BLACK & WHITE

| | | | | | |
|---|---|---|---|---|---|
| * 5) | Full Page | Rs. | 850/- | Rs. | 9350/- |
| 6) | Half Page | Rs. | 500/- | | |
| 7) | Quater Page | Rs. | 200/- | | |
| 8) | Strip | Rs. | 100/- | | |

Note : If any person gives advertisement for 12 months in advance, only 11 months payment will be collected. this concession is allowed in item No. 1,2,3 & 5 only marked. (*)

## શિક્ષણ સમિતિ

સંચાલિકા: શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

# SRI KUTCHI MITRA MANDAL
# EDUCATIONAL SPONSORSHIP - APPEAL

An organization's ability to prosper is directly dependent upon its member's education, and the best way to prosper is by investing in the education of the members of our society.

"Shri Kutchi Mitra Mandal" Hyderabad has been providing educational Aid to our members since past Several Years and also provides **INTEREST FREE LOAN** for higher education. Many students have availed this Facility. Our aim is that no child of our member should forgo education for want of funds.

Mandal wants to do more and you can help by donating Rs. 11,000/- (Rs. Eleven Thousand only) per Child (Members can sponsor any number of children). Please note that your donations will go a long way in helping us to keep providing educational aid and at the same time you will benefit by getting Tax Exemption. We hope for your continued support for this project.

For Further Enquiries you may contact

**Pankaj H. Savla - 98497 47625, Smt. Vasanti Shah - 98495 47543**

**Shikshan Aid / Sahay** Application forms are available at Kutchi Bhavan's office. Please submit the completed forms before 31st August 2019. Applications for Interest Free Education Loan for Higher Studies are also being acepted. Please contact on 98495 47543 for further details.

Students who have passed 10th, 12th, Graduation, Post Graduation and above please fill in the attached form along with all attachments and submit it at the office of the Kutchi Bhavan before 31st August 2019. (Office timings 10.00am to 12.00 noon)

**Donation for the month of July 2019**

**Rs. 33,000/- Shri Devchand Shamji Gala**

Thank you for your Generous Gesture...

## શિક્ષણ સમિતિ

સંચાલિકા: શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

# SRI KUTCHI MITRA MANDAL
# SHIKSHAN SAMITI

## Form for Silver / Gold Medal - Academic Year 2018-2019

Name of the Student : ____________________

Father's Name : ____________________

Mother's Name : ____________________

KMM Membership No. of Parent : ____________________

Village in Kutch : ____________________

Ph. / Mobile No. : ____________________

Passed in Standard : ____________________

Total Marks obtained or Grade / Percentage : ____________________

Signature of Student		Signature of Parent

Date of Submission : ____________________

Rules & Regulations

1) Standard 10th and above forms only will be accepted. Diploma course results will not be accepted.
2) For Intermediate and Degree & PG enclose consolidated Mark sheet.

**Last date for receiving the completed forms : 31st August 2019.**

# SHRI KUTCHI MITRA MANDAL

**SANCHALIT**

**MATUSHREE SHANTABEN HIRJI KANJI GOSAR**

## Shanti PRIMARY SCHOOL

**AMRAT - KAVITA KAPADIA BHAVAN**

requests all the members to join in for the

## INDEPENDENCE DAY CELEBRATIONS



Let us celebrate this Independence day
with the children of our school

at **Kutchi Bhavan**

**On Thursday, 15th August 2019**

**Programme:**

Cultural Programme by the Students of
Shanti Primary School
9 AM onwards
Followed by Flag Hoisting

Shanti Primary School Sanchalak: Hemang Momaya +91-9885 10 10 10

# મનોરંજન સમિતિ

સંચાલક: પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭ ૪૭૬૨૫

મનોરંજન સમિતિ દ્વારા તા. ૨૧-૭-૨૦૧૯ રવિવારના દિવસે અષાઢી બીજ (કચ્છી નવ વર્ષ) નાં ઉપક્રમે એક કાર્યક્રમ 'યહ શામ મસ્તાની' નું આયોજન કરવામાં આવેલ. જેમા અંદાજીત ૮૫૦ જેટલા મેમ્બર પરિવારના સભ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવેલ.

બે વર્ષ થી ૧૦ વર્ષ ના બાળકો દ્વારા કલરફુલ કાર્યક્રમ, ફેશન શો, કચ્છીનવ વર્ષ અષાઢી બીજનું મહત્વ, કચ્છમાં સ્થાઈ વિવિધ જાતીઓના પરિધાન, મટુકડી અને ગજીઓની સુંદર રજુઆત સમાજના બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. જેમા ૫૫ બાળકોએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમ મોનાલી ઉદય છેડા દ્વારા રચિત અને પ્રસ્તુત હતો કાર્યક્રમ ની શરૂઆત માં ઉપસ્થિત સર્વનો સ્વાગત તીલક અને ચોકલેટથી કરવામાં આવેલ.

મહીલા સમિતિનાં સંચાલિકા શ્રીમતિ ખુશ્બુ પુનિત સંઘવી દ્વારા આ સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર શૈલીમા સંચાલન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી કચ્છી મિત્ર મંડળના સર્વ પદાધિકારીઓ અને કારોબારી તથા ટ્રસ્ટ બોર્ડના સદસ્યો ના હસ્તે દીપપ્રજ્વલીત કરી કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ માટે મુંબઈ થી ખાસ પધારેલ કચ્છી ગાયક કલાકાર શ્રી મણીલાલભાઈ છેડા દ્વારા મધુર ગીતો ની રજુઆત કરવામાં આવેલ. અવિરત ત્રણ કલાક સધી સહુએ મધૂર ગીતોનો કાર્યક્રમ માણ્યો. કાર્યક્રમ દરમ્યાન શ્રી મણીલાલભાઈ નું બહુમાન, શ્રીમતિ મોનાલી ઉદય છેડા નું બહુમાન પદાધીકારીઓ દ્વારા કરવામાં આવેલ સાથે કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વ બાળકો ને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ.

કાર્યક્રમ સાથે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. દરેક સફળ કાર્યક્રમમાં દાતા પરિવાર ખુબજ અગત્ય નો ભાગ ભજવે છે, આજના આ કાર્યક્રમમાં સાથ આપનાર દરેક પરિવારનો આભાર.

આ કાર્યક્રમ માં નીચે મુજબ દરેક પરિવારો દ્વારા સ્પોંસરશીપ રૂ. ૧૫૦૦૦/- ની રકમ પ્રાપ્ત થયેલ:

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતિ વિજ્યાબેન કિર્તીકુમાર ટોકરશી કાપડીયા પરિવાર | પત્રી |
| ૨) | માતુશ્રી રૂક્ષ્મણીબેન હીરજી નિશર પરિવાર | વડાલા |
| ૩) | માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી નરશી છેડા પરિવાર | લાયજા |
| ૪) | માતુશ્રી આશબાઈ ભાણજી મુરજી ગડા પરિવાર | લઠેડી |
| ૫) | માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર | સાભરાઈ |
| ૬) | માતુશ્રી ઉષાબેન તલકશી નાનજી ગાલા પરિવાર | ચીયાસર |
| ૭) | શ્રીમતિ ચંદ્રીકાબેન ભરત શામજી સાવલા પરિવાર | રાયણ |
| ૮) | શ્રીમતિ જયવંતીબેન નેમજી કાનજી ધરોડ પરિવાર | પત્રી |
| ૯) | શ્રી ભરત હરખચંદ જગશી મોતા પરિવાર | કોડાય |

કાર્યક્રમ માટે હરેશ હેમરાજ દેઢીયા, મનીષ સાવલા, સમીર વોરા, મહેશ ધરોડ, વિજય દેઢીયા, નીતીન ગાલા, વીકી ગાલા, નિતિન સતરા, રાજુભાઈ પટેલ તથા અન્ય સાથી કાર્યકરોના સાથ સહકાર સાથે દરેક કાર્ય વ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવેલ.

સાથે કાર્યક્રમમાં સાથ આપી પ્રોત્સાહન વધારવા કારોબારી સભ્ય કેશવજીભાઇ છેડાનો આભાર.
નીચે મુજબ ના બાળકોઓ આ કાર્યક્રમ માં ભાગ લીધેલ

૧) ઈન્ટ્રોડકશન : તીર્થ ગોસર

૨) ફેશન શો : અમાયરા છેડા, હેતવી હેભિયા, મેહાન ગડા, કલ્પ કારાણી, પાર્શવ દેઢીયા, તિર્થ મારૂ, સમ્યક શાહ, ફીલોની હરીયા, જીલ ગાલા, દ્રીતિ સાવલા, મોક્ષમ મોતા, તિથી મારૂ, ધીર વોરા, મેહાન ગોસર, જીસા નાગડા, ધીર શાહ, મુક્તિ ધરોડ, દેવમ ગાલા, વિહાના ગંગર

૩) દાંડીયા (બોયસ) : અયાન છેડા, મોક્ષ કારાણી, કલ્પ કારાણી, મૌલ્ય છેડા, દેવમ ગાલા, સમ્યક વોરા, વીર કારાણી, દર્શ વોરા, મેદાંશ નાગડા, નિલ સાવલા

૪) દાંડીયા (ગર્લ્સ) : મુક્તિ ધરોડ, ક્રીયા છેડા, ધ્રીયા હરીયા, જાસવી ગોસર, ટીયા ગાલા, આન્યા ગડા, પ્રશવી ગાલા, રીયા મોતા, પંક્તિ ગોસર, ક્રિશા મોતા

૫) ગજીયો : રીયા સાવલા, પ્રીશા માલ્દે, જીલ છેડા, ખુશી સાવલા, ઈશીકા ગોસર, વંશીકા ગોસર, યાના ધરોડ, રીયા ધરોડ, મોક્ષા ધરોડ, આયુષી કારાણી, હીતાંશી ધરોડ, સાક્ષી નાગડા, ખીલ્તી ધરોડ, પ્રેક્ષા ગોસર, જાનવી ગોસર, નિધી છેડા

૬) ચાંદલા : સૃષ્ટિ ગાલા, દિશા ગાલા, દિતિ ગાલા

## સભ્યપદ સમિતિ

સંચાલક : શ્રી હરેશ હેમરાજ દેઢિયા
મો : ૯૫૩૩૭ ૮૮૮૨૨

જય જિનેન્દ્ર સાથે જાણવવાનું કે શ્રી કચ્છી મિત્ર મંડળની કારોબારી સમિતિએ મને કો.ઓપ્ટ મેમ્બર તરીકે સ્થાન આવ્યું અને સાથે સભ્યપદ સમિતિમાં સંચાલક તરીકે નિયુક્ત કરેલ છે. એ બદલ કારોબારી સમિતિનો ખુબજ આભાર. મેમ્બર લીસ્ટ અપડેટનું કામ ચાલુ છે. જે સભ્યોનાં ઓડ્રેસમાં ફેરફાર થયેલ હોયતો સત્વરે મંડળની ઓફિસમાં લેખીતમાં જાણ કરશો જેથી નિયાંપો મોકલવા સરળતા રહે.

## જીવન ચક્ર

Change of Address

**JAYESH JADAVJI MAMANIA**
Door No. 3-4-813, TNR Mahadeva Apts.,
1st Floor, Flat No. 103, Street No. 1, Barkatpura, ICICI Bank Lane,
Hyderabad - 500 027. Ph : 94408 90437

Pick up & Drop
**CHERIAN NATIONAL**
Motor Driving School (ESTD. 1962)
CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road,
Nampally, Metro Piller No. A1264, Hyderabad.
Cell : 98495 84518, 80084 55467
(જા.જ.૬-૨૦૧૯)

# પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : હેમાંગ મણિકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

પ્રતિવર્ષાનુસાર ચાતુર્માસની પધરામણી સાથે સૌ શ્રાવક શ્રાવીકાઓ જપ-તપ-પ્રભુ ભક્તિમાં જોડાઈ ગયા હશો. વિવિધ સંઘોમાં ચાતુર્માસાર્થે ગુરૂભગવંતો બિરાજમાન છે. દરેક સંઘમાં જિનવાણી તપ-જપ અનુષ્ઠાનો ઉત્સાહપૂર્વક તથા શ્રધ્ધાપૂર્વક થઈ રહ્યા છે.

આ વર્ષે પર્યુષણ મહાપર્વ શ્રાવણ વદ તેરસ વાર મંગળવાર તા. ૨૭-૮-૨૦૧૯ થી ભાદરવા સુદ પાંચમ વાર મંગળવાર તા. ૩-૯-૨૦૧૯ સુધી રહેશે.

જિનેશ્વરધામ કાચીગુડામાં મહાપર્વ પર્યુષણ દરમ્યાન જિનવાણી શ્રવણ કરાવવા શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈ થી પધારશે. શ્રીમતી કમલાબેન તેજપાર દેઢીયા - ગઢશીશા, શ્રીમતી કલ્પનાબેન લક્ષ્મીચંદ વિકાણી - કોટડા રોહા, ભક્તિ વિનોદ ગાલા - ગામ ગુંદાલા.

સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા સુદ પાંચમ વાર મંગળવાર તા .૩-૯-૨૦૧૯ ના દિવસે કચ્છી ભવન રામકોટ મધ્યે ઠીક સાંજના ૪.૩૦ કલાકેથી રહેશે, ભાઈઓ તથા બહેનોએ સમયસર પધારવા વિનંતી.

**પ્રતિક્રમણ બાદની પ્રભાવનાના લાભાર્થી - માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર પરિવાર, ગામ સાભરાઈ તથા મેસર્સ બાલાજી રતનલાલ મિઠાઈ ભંડાર - કાચીગુડા તરફથી રાખવામાં આવેલ છે.**

**પ્રતિવર્ષાનુસાર શ્રી કચ્છી મિત્ર મંડળ - પર્યુષણ ઉત્સવ સમિતિ દ્વારા અઠાઈ તપકે તેથી વધુ તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાન તથા સામુહિક ક્ષમાપના કાર્યક્રમ ભાદરવા સુદ છઠ્ઠ વાર બુધવાર તા. ૪-૯-૨૦૧૯ ના સવારના ઠીક ૧૦.૦૦ કલાકે કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ છે.**

**સામુહિક ક્ષમાપના તથા તપસ્વી બહુમાન બાદ સકળ શ્રી સંઘ માટે સ્વામિવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષના સ્વામિવાત્સલ્યના લાભાર્થી શ્રીમતી મીનાબેન ગુલાબચંદ પદમશી મોતા કુવાપધર કચ્છ, મેસર્સ અલકા વોચ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ છે સ્વામિવાત્સલ્યના દાતા પરિવારનો ખૂબ ખૂબ આભાર તથા અનુમોદના.**

**ઉપરોક્ત સર્વે પ્રભાવનાના લાભાર્થી પરિવારજનોનો શ્રી કચ્છી મિત્ર મંડળ વતી ખુબ ખૂબ આભાર તથા અનુમોદના.**


**તપસ્વીઓને નમ્ર વિનંતી કે તપસ્વી બહુમાન માટે પોતાના નામ કચ્છી ભવનની ઓફીસમાં રવિવાર તા. ૧-૯-૨૦૧૯ સુધી નોંધાવે જેથી આયોજન કરવામાં સરળતા રહે. ચાતુર્માસ દરમ્યાન આપ સૌ ભાઈ બહેનો ધર્મ આરાધના તથા તપસ્યા કરતા સુખ શાંતીમાં રહે એવી મંગલભાવના સહ જય જીનેન્દ્ર.**

## હૈદરાબાદના ગૌવંશ પ્રેમીઓ દ્વારા ગૌરક્ષણ માટે કદમ ઉઠાવવા કેન્દ્રીય પશુપાલન મંત્રીશ્રી ગિરિરાજ સિંહને રજૂઆત...




હૈદરાબાદ ગૌવંશ પ્રેમીઓ દ્વારા ગૌરક્ષણ માટે કદમ ઉઠાવવા તાજેતરમાં કેન્દ્રીય પશુપાલન, મત્સ્યપાલન અને ડેરી મંત્રી શ્રી ગિરિરાજ સિંહને મળી રજુઆત કરી હતી.

જીવ જંતુ કલ્યાણ બોર્ડ, તેલંગાણાના સભ્ય સ્વામી સ્વયં ભગવાનદાસના નેતૃત્વમાં ભારતીય પ્રાણી મિત્ર સંઘના અધ્યક્ષ જસરાજ શ્રી શ્રીમાલ, લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ટ્રસ્ટી રિદ્ધિશ જાગીરદાર વગેરે ગૌવંશ પ્રેમીઓ તાજેતરમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી ગિરિરાજ સિંહને મળ્યા હતા. સહુએ ગૌવંશના રક્ષણ પર રજૂઆત કરતાં કેન્દ્રીય મંત્રીને જણાવ્યું હતું કે, બધાં પ્રાંતમાં ઉચ્ચાધિકાર પ્રાપ્ત સમિતિનું ગઠન કરવું બહુ જરૂરી છે. ઉપરાંત કતલખાને ધકેલવાથી બચાવાયેલી ગાયોના ભરણ-પોષણ માટે પ્રતિદિન રૂ. ૧૦૦ લેખે ગૌશાળાઓમાં અનુદાનની વ્યવસ્થા થવી જોઈએ. ઉપરાંત, પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમમાં સંશોધનની પણ સહુએ રજૂઆત કરી હતી.




રજૂઆત સંદર્ભે કેન્દ્રીય મંત્રી ગિરીરાજ સિંહે આ અંગે પશુપાલન રાજ્ય મંત્રી ડૉ. સંજીવ બાલીયાનને ઘટતી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો હતો.

આગેવાનો દ્વારા કેન્દ્રીય મંત્રીને લવ ફોર કાઉનું સ્મૃતિચિન્હ ભેટ પ્રદાન કરી શુભેચ્છા આપવામાં આવી હતી. આ પ્રસંગે પશુપાલન વિભાગના સેક્રેટરી તરુણ શ્રીધર, જોઈન્ટ સેક્રેટરી ઓ.પી. ચૌધરી અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છ માટે સીધી રેલ હેતુનું મેમોરેન્ડમ આપવામાં આવ્યું... (જા.ખ.)



પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન, હૈદરાબાદ અને અન્ય સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓએ તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા વિભિન્ન સાંસદોને મળીને હૈદરાબાદ સિકંદરાબાદથી ભૂજ અથવા ગાંધીધામ (કચ્છ) સુધીની સીધી રેલ સેવા પ્રારંભ કરવાની રજૂઆત કરતું આવેદનપત્ર આપ્યું હતું.

જાગીરદાર ફાઉન્ડેશનના સંસ્થાપક રિદ્ધીશ જાગીરદાર, પરામર્શદાતા સ્વામી સ્વયં ભગવાનદાસ અને જસરાજ શ્રીશ્રીમાલે ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અને સિકંદરાબાદના સાંસદ જી. કિશન રેડ્ડી, કચ્છના સાંસદ વિનોદ ચાવડા, સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ, જહીરાબાદના સાંસદ બી.બી. પાટીલ, કરીમનગરના સાંસદ બંડી સંજયકુમારની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને સહુનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી તથા શાલ ઓઢાડીને અભિવાદન કર્યું હતું.

રિદ્ધીશ જાગીરદારે જનપ્રતિનિધિઓને આવેદનપત્ર પાઠવતાં કહ્યું હતું કે, કચ્છ-ગુજરાત અને આસપાસના ક્ષેત્રોના આશરે ૫ લાખ વ્યક્તિઓ હૈદરાબાદ અને સિકંદરાબાદ સહિત તેલંગાણા અને આંધ્રપ્રદેશના વિભિન્ન જિલ્લામાં વસેલાં છે, જેમાં કચ્છી જૈન કચ્છી પટેલ, કચ્છી બ્રાહ્મણ, કચ્છી ગુર્જર, લેઉવા પટેલ, કડવા પટેલ વગેરેનો સમાવેશ થાય છે. આ સર્વે સામાજીક, ધાર્મિક સહિતના અવસરે કચ્છ-ગુજરાત આવે છે પરંતુ હૈદરાબાદ અને કચ્છ વચ્ચે સિધી રેલ સેવા ન હોવાને કારણે આ યાત્રીઓને વધુ શુલ્ક આપવા ઉપરાંત, વધુ સમય સહિતની મુશ્કેલીઓની સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે હૈદરાબાદથી કચ્છ માટેની સીધી રેલ સેવા શરૂ થાય તે આવશ્યક છે.

## માનવ મિત્ર સમિતિ

સંચાલકો : લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫૩૧૦૬૬
હિતેન મણીલાલ સંઘોઈ-૯૮૪૯૧૬૪૨૨૧
દિપક આશારિયા માલદે-૯૨૯૦૪૭૪૫૭૫

આવનાર દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક઼ઓટો | ડાયાલીસીસ (એકના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રીમતી ગંગાબેન આસારીયા માલદે | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - |
| હીરાબેન અનિલ લોડાયા | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |

આપણા સમાજમાં માવજતના ઉપકરણો માંદગી વખતે સભ્યો માટે ઉપલબ્ધ છે. જે ભાઈઓને તેની જરૂરીયાત હોય તેમણે શ્રી પદમ હરીયા ફોન : ૯૨૪૬૩ ૭૨૩૨૬ નો સંપર્ક કરવા વિનંતી.

## અંતિમ યાત્રા ગઈકાલ અને આજ

આપણે જીવનમાં બહુજ વ્યસ્ત રહેવાથી ભૌતિક ક્રિયા પાછળ રહેલ રહસ્યને સમજવા પ્રયત્ન કરતા નથી આપણે મટકીનો રીવાજ બંધ કરી શકીએ.

આજે બાંબુની નનામીની જગ્યાએ સ્ટીલના સ્ટ્રેચર અને બેલ્ટની પ્રથા શરૂ થઈ ગઈ છે. મુંબઈ તેમજ કચ્છે આ પરિવર્તન સ્વીકાર્યુ છે.

પહેલાના જમાનામાં પાણીનો ઘડો સ્મશાનમાં લઈ જવાનો રીવાજ હતો. પણ શામાટે ? ગામથી બહાર જંગલમાં સ્મશાન હતા લાશ બળી ગયા પછી કોઈ ચીનગારી રહી ન જાય તે માટે રાખ ઉપર પાણી છાંટવામાં આવતું હતું તે માટે.

સાચી શ્રદ્ધાંજલી તો ભાવથી આપવાની છે. મરનાર કોઈ પણ મહિલા કે પુરૂષ હોય ત્યારે સર્વે સગા સંબંધીઓ માળા ને હાથ લગાવી ભાવભરી શ્રધ્ધાંજલિ અપર્ણ કરી શકે છે.

ઉપરોક્ત પરિવર્તન હાલમાં આપણા સમાજમાં અંતિમયાત્રા વખતે અમલમાં આવેલ છે. તેથી આપણા સમાજના સભ્યો ઉપરોક્ત જણાવેલ પરિવર્તન સ્વીકારશે એવી આશા રાખીએ છીએ.

## રૂણ સ્વીકાર



અમારા સ્વ. કમલેશ જગજીવન રાંભિયા નું તા. ૨૪-૭-૨૦૧૯ ના દુ:ખદ અવસાનથી તેની અંતિમયાત્રા તેમજ પ્રાર્થનાના આયોજન બદલ માનવમિત્ર સમિતિના સભ્યોનો તથા લેજેન્ડ શ્રી લક્ષ્મી અપાર્ટેમેન્ટના પરિવાર સભ્યોએ જે સહકાર આપ્યો છે, તે બદલ અમારો પરિવાર આપ સૌનો ઋણી રહેશે. પ્રાર્થના સભામાં ઉપસ્થિત સભ્યો, અમારા પરિવાર ઉપર આવી પડેલ દુ:ખમાં સહભાગી થયા તે બદલ તેમજ શ્રી કચ્છી મિત્ર મંડળનો પ્રાર્થના માટે હોલ ફાળવવા માટે આભાર માનીએ છીએ.

લી. **ભાનુમતી જગજીવન રાંભિયા - સમસ્ત પરિવાર** (મોટા આસંબીયા)

(જા. ખ.)

## કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ - હૈદરાબાદ

આયોજિત

# નવશાંતિ સાવન કી સૈર

શહેરના ધાંધલ - ધમાલીયા - વ્યસ્ત જીવન અને પ્રદુષિત વાતાવરણથી એક દિવસ માટે મુક્તિ. કુદરત સાથે તાલમેલ મેળવવા અને રળિયામણા મનમોહક વાતાવરણમાં માનસિક શાંતિનો અનુભવ કરવા ક.વિ.ઓ. જૈન સમાજ - હૈદરાબાદ દ્વારા મનોરંજનથી ભરપૂર ૧ દિવસીય પિકનિકનું આયોજન જે આપને તથા આપના પરિવારને રિચાર્જ કરી દેશે.

## TIMBER LEAF, Shamshabad

પિકનિક દિવસ : રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૯ સવારના ૯.૩૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી

પ્રવેશ કૂપન : ફક્ત રૂા. ૧૫૦/- Entry Pass : Rs. 150/- only

(૫ વર્ષથી નીચે ઉમરના બાળકોને ફ્રી-વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૩૦૦ એન્ટ્રી પાસ)

સગવડ : કાચીગુડા જિનેશ્વરધામ મંદિર પાસેથી બસોની વ્યવસ્થા.

બસ ઉપડવાનો સમય : સવારના શાર્પ ૮.૦૦ વાગે

બસમાં આવનારે રૂા. ૫૦ નું ટ્રાવેલ કૂપન લઈ નામ નોંધાવવા વિનંતિ.

આભાર : નવશાંતિ સાવન કી સૈર ના સહયોગી દાતાઓ

**શ્રી શાંતિનાથ ગ્રેનાઈટ્સ - શ્રી રતિલાલ પ્રેમજી છેડા** (લાયજા)

**શ્રી નવરંગ હોઝિયેરી** (એબિડ્સ) - **શ્રી અમૃતલાલ રવજી ભેદા** (સમાઘોઘા)

વધારે માહિતિ માટે સંપર્ક - પિકનિક સંયોજકો

| હરેશ દેઢિયા | મનોજ સાવલા | રાજુ મામણિયા |
|---|---|---|
| ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૮૪૯૭ ૭૪૮૪૫ | ૯૮૮૫૦ ૩૩૦૫૦ |

પ્રવેશ કૂપન અને ટ્રાવેલ કૂપન નીચે જણાવેલ સ્થળોએ તા. ૧૦-૯-૨૦૧૯ સુધી મેળવી લેવા વિનંતિ

| બડીચાવડી | નારાયણગુડા |
|---|---|
| **હરેશ દેઢિયા** | **પંકજ રાંભિયા (ડ્રેસ લેન્ડ)** |
| ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૨૪૬૫ ૩૮૬૦૦ |

## કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ - હૈદરાબાદ

| નીતિન ધરોડ, પ્રમુખ | કિરણ રાંભિયા, માનદ્ મંત્રી |
|---|---|
| ૮૯૭૮૪ ૪૪૮૪૮ | ૮૮૮૬૮ ૯૯૯૬૮ |

(જા.ખ.)

## બાળ વિકાસ સમિતિ

સંચાલિકા : તૃપ્તિ નરેશ શાહ
૯૮૮૫૯ ૭૭૪૭૨

It is said that the journey of a thousand miles begins with a single step, and we at Bal Vikas, have taken the first step towards facilitating the all-round development of the kids of our Samaj.

August 2019 marks the restart of Bal Vikas Samiti after 10 years, and we wish to extend sincere thanks to all the parents and committee members whose support made this possible.

We have already begun our arts, crafts and dance classes, and have a Teracotta Ganesh making workshop on August 17 and 18. This is a compulsory workshop and parents will have to pay Rs. 75/- as fees. Fees for the months of September and October will be collected towards the end of August.

A reminder that Mr. Poojan Saiya shall be conducting a workship on memory powers for kids of age 7 and above. Please register your names with the Bal Vikas Committee.

We look forward to the continued enthusiasm and support of all parents and children.

I'd also like to take this opportunity to thank my team who are continuously working tirelessly to make this a success.

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

Ph : 9395347264, 9392418463, 040-27564183 (જા.ખ.)

**TO-LET**

Commercial Space for Rent / Lease with

**LIFT FACILITY AVAILABLE**

First Floor Area-800 Sq.Ft, Second Floor Area-800 Sq. Ft.

Near Badichowdi, Police Station, Hyderabad.

CONTACT : 98666 14050 (જા.ખ.)


DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27 (જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ.)

**abha**
be gorgeous

*Ladies Beauty Parlour & Makeup Studio*
by Bhavini Patel

**Address : 3-4-58/2, Opp. Raghavendra Temple,
Kachiguda, Hyderabad - 500 027. Ph : 99081 83870**

(જા. ખ.)

किरण इलेक्ट्रोनिक्स | કિરણ ઈલેક્ટ્રોનિક્સ | కిరణ్ ఎలక్ట్రానిక్స్ **9394 55 8636**
Estd. 1980
www.kiranelectronicshyd.com

**INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS**

(જા. ખ.) **80747 21999** संघवी ब्रदर्स | સંઘવી બ્રધર્સ | సంఘవి బ్రదర్స్
Website: www.sanghvibrothershyd.com
Estd:1979

## મનોરંજન સમિતિ દ્વારા અષાઢી બીજ (કચ્છી નવ વર્ષ) પ્રસંગે આયોજિત 'યહ શામ મસ્તાની' કાર્યક્રમ ની એક ઝલક



॥ શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ॥

**શ્રી અચલગચ્છ જૈન સંઘ ના ઉપક્રમે**

**શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય**

**નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ**

**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પ્રસંગે**

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

ધર્માનુરાગી ભવ્યાત્મા,

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્યકૃપાથી તેમજ વર્તમાનગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. અને નવ નિર્મિત યુવા આચાર્યો ના શુભઆશીષ તથા ચૈતન્યરત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ ની કૃપા સદ્‌ભાવનાથી પર્યુષણ મહાપર્વની આરાધના મુંબઈ વિદ્યાપીઠની આરાધક બહેનો સાથે કરાવવામાં આવશે.

## પર્વાધિરાજની કાર્યક્રમ ની રૂપરેખા

દરરોજ સવારના ૭-૦૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારના ૯-૦૦ કલાકે પ્રવચન, સાંજના ૭-૦૦ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮-૦૦ કલાકે પ્રભુજીની આંગી તેમજ પ્રભુ ભક્તિ ભાવના થશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી.

શ્રાવણ વદ ૧૩ મંગળવાર તા. ૨૭-૮-૨૦૧૯
બપોરના ૨.૦૦ કલાકે

**શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનના અનુષ્ઠાન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી વાસુપૂજ્ય સ્વામી મંડલ**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

શ્રાવણ વદ ૧૪ બુધવાર તા. ૨૮-૮-૨૦૧૯
બપોરના ૨.૦૦ કલાકે

**શ્રી ૬૮ તીર્થધામ અનુષ્ઠાન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી નવકાર મિત્ર મંડલ**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

શ્રાવણ વદ અમાવસ ગુરૂવાર તા. ૨૯-૮-૨૦૧૯
**વ્યાખ્યાનમાં કલ્પસૂત્રની બોલી**
બપોરના ૨.૦૦ કલાકે

**શ્રી નવાણું પ્રકારી પૂજા**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી ચૈતન્ય ભક્તિ મંડલ**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

ભાદરવા સુદ ૧ શુક્રવાર તા. ૩૦-૮-૨૦૧૯
સવારના ૯-૦૦ કલાકે અને
બપોરના ૨-૦૦ કલાકે

**શ્રી કલ્પસૂત્ર વાંચન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી માનમલજી સંદીપકુમારજી સીંઘવી**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

(જા.ખ.)

ભાદરવા સુદ ૨ શનિવાર ૩૧-૮-૨૦૧૯
સવારના ૯-૦૦ કલાકે

**સ્વપ્ન દર્શન, સપનાજી-પારણું પધરાવવાની બોલીઓ, શ્રી મહાવીર જન્મ વાંચન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી ભવરીલાલજી ગૌતમજી સુરેન્દ્રજી દિપકજી નિખીલજી નાબરિયા પરિવાર**
રમા ઉદયપુર - હાલે હૈદરાબાદ.

ભાદરવા સુદ ૩ રવિવાર ૧-૯-૨૦૧૯
સવારના ૯-૦૦ કલાકે

**શ્રી કલ્પસૂત્ર વાંચન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**માતુશ્રી જેતબાઈ જેતસી ખીંયસી ધુલ્લા પરિવાર**
હાલાર દલતુંગી, (હીરા હાર્ડવેર) હૈદરાબાદ

ભાદરવા સુદ ૪ સોમવાર તા. ૨-૯-૨૦૧૯
સવારના ૯-૦૦ કલાકે અને બપોરના ૨-૦૦ કલાકે

**શ્રી કલ્પસૂત્ર વાંચન**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**માતુશ્રી લક્ષ્મીબેન શામજી લાલકા પરિવાર હા. ડુંગરશીભાઈ લાલકા**
વાંકુ, હૈદરાબાદ

ભાદરવા સુદ ૫ મંગળવાર ૩-૯-૨૦૧૯
સવારે ૯ કલાકે : **શ્રી બારસા સૂત્રનું વાંચન**
સાંજના ૪ કલાકે : **સાંવત્સરીક પ્રતિક્રમણ**

સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**માતુશ્રી ચંપાબેન હેમરાજ મૈસેરી હસ્તે જયચંદભાઈ પરિવાર**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

મંગળવાર ૩-૯-૨૦૧૯ સાંવત્સરીક પ્રતિક્રમણ બાદ માતુશ્રી દેવકાબેન કાનજી વેરશી ગોસર પરિવાર તરફથી શ્રીફળની પ્રભાવના રહેશે. શ્રી શાંતિ સીલેકશન (કચ્છ, સાભરાઈ, હાલે હૈદરાબાદ)

ભાદરવા સુદ ૬ ને બુધવાર તા. ૪-૯-૨૦૧૯ સવારના ૫.૩૦ કલાકે **દ્વાર ઉદ્‌ઘાટન**
અને ૭.૩૦ વાગે, **તપસ્વીઓના પારણા**
લાભાર્થી : માતુશ્રી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર(કચ્છ વારાપધાર) હૈદરાબાદ

ભકતિ ભાવના પૂજન માટે સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી. સાધર્મિક ભાઈ-બહેનો માટે રહેવાની સગવડ છે.

નિમંત્રક :

## શ્રી અચલગચ્છ જૈન સંઘ

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.
ફોન : 040 - 24047774, 040 - 24047862

ના જય જીનેન્દ્ર

ખાસનોંધ : આ નિયાપો માં આપેલી જાહેરાત ને અચલગચ્છ જૈન સંઘ ના સર્વે ભાઈબહેનો ને મળ્યા તુલ્ય સમજવું એજ વિનંતી.

(જા.ખ.)



બાળ વિકાસ સમિતિ દ્વારા પ્રારંભ કરવામાં આવેલ
વિવિધ કળાના વર્ગની એક ઝલક



# રમત ગમત સમિતિ

સંચાલક : અંકીત નિતિન વોરા
ફોન : ૯૦૦૦૦ ૧૧૭૭૫

**Jai Jinendra !**

**KMM Ramat Gamat is proud to present "Gully Cricket League" on 22nd September 2019 @ Kutchi Bhavan. The love shown by all of you was immense that within an hour of time, the registrations got houseful & seeing your energy we had to increase the number of teams. We have 10 teams participating in the event now. The event starts at 3 pm & we have also arranged for a fantastic "Anand Bazar" by the members of our samaj who have come forward to hypnotise us with thier culimnary skills. Each stall is priced at Rs. 800/-. We have a fantastic chance to get to know & appreciate the hidden "Tarla Dalal & Sanjeev Kapoors" of our Samaj. Any member interested to put up a stall can contact Darshini Rambhia - 810 68 08182.**

**We would like to thank our sponsers Mr. Bharat Gala (Vishal Matching Centre), Mr. Manoj Nagda (MH Enterprises), Mr. Kaushik Maisheri (Archies Gallery), Mr. Chirag Cheda (Shantinath Granites), Mr. Bhavin Gala (London Bubbles) & two more Sadgrahasth Data.**


**The idea of the event is to go down the memory lane & bring the inner child out again. To re-live your childhood, to play cricket the way we did in our gully with our own people in our dressing.**

**This is going to be a family event as we have participants from all age groups-Kids, Men & Senior Members.**

**My sincere request to all the Yuva's of the family to please attend the event & participate in the activities as we have a fantastic legacy called "KMM" from our forefathers, we need your participation to take it to the next level. We request you to come together with the family to enjoy an evening with fellow samaj members.**

**We are sure of your presence to support & encourage our event on time as you always have. It is time to make the noise, to cheer, to encourage, to perform & most importantly to enjoy together. Kindly block your calender on 22nd September 2019, 3.00 pm to 10.00 pm. Wishing all the participants strength & sportsmanship.**

**May the best team win...!**


દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઇમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે
સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા, મેથી મસાલા ખાખરા, ચોરાફળી ખાખરા, સાદા ખાખરા, ઘી ખાખરા, મઠના ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**
**89857 59320, 82477 89295**

(જા.પ.)

# માઈનારિટી સમિતિ

સંચાલક : પંકજ વલ્લભજી સાવલા
ફોન: ૮૦૯૯૯ ૬૬૬૬૫

## Government of India Sponsored Scholarships

**Registrations are opened from 15-7-2019 to 30-10-2019 for the Academic Year 2019-2020**

**Website : National Scholarship Portal**

## https://scholarships.gov.in

| Sl.No. | Name of the Scholarship | Classes from - to | Income ceiling below | Jain Target | Last date for apply |
|---|---|---|---|---|---|
| 1) | Pre Matric Scholarship | 1st to 10th | Rs. 1,00,000/- | 332 | 15-10-2019 |
| 2) | Post Matric Scholarship | Inter to Ph.d | Rs. 2,00,000/- | 55 | 30-10-2019 |
| 3) | Merit cum Means | Professional | Rs. 2,50,000/- | 7 | 30-10-2019 |

### TELANGANA STATE SCHOLARSHIPS

| Sl.No. | Name of the Scholarship | Classes from - to | Income ceiling below | Jain Target | Last date for apply |
|---|---|---|---|---|---|
| 1) | Post Matric Scholarship | Inter to Ph.d | Rs. 2,00,000/- | 55 | 30-10-2019 |

**Website : https://telanganaepass.cgg.gov.in**

**All Parents are requested to enrol or modify in school Records in the column of Religion as "Jain - OC" to get Future Benefits of Minority.**



Many Many Congratulations to

## Tanushka Ashwin Lodaya

coming in Flying Colours & Securing
85% Marks in (B.Com. Final) July 2019

D/o. Ashwin & Kajal Lodaya
Grand D/o. Vardhaman & Nirmala Lodaya

Grand Parents
Madhukant & Pushpa Lodaya
Mukesh & Pratima Lodaya

with Best Wishes From - Relatives & Friends

(જા.ખ.)

# ANU FOOD PRODUCTS

Wholesale & Retail of all types of Alu Chips, Banana Chips & Farsans
Best Quality and fresh products at wholesale prices

**SPECIAL VARITIES**

**Alu Chips ◆ Kerela Banana Chips ◆ Mari & Masala Banana Chips ◆ Naryadi Bhusa ◆ Chana Chor ◆ Papdi Ghatiya ◆ Spl. Makhaniya Ghatiya ◆ Bhakarwadi ◆ Soya Bhel ◆ Home Made Rice Chichiyaa ◆ Sudarshan Sindhi Papad ◆ Oats / Multigrain Crunchips ◆ Halapeno Crunchchips ◆ Cheese Tomato Crunchcips ◆ Ragi Chips with Peri Peti ◆ Mint / Palak Butter Stick ◆ Onion Butter Sticks ◆ Onion Butter Sticks ◆ Soya Sticks & Chips ◆ Manchurian Sticks ◆ Shezwan / Tomato Sticks ◆ Tangy Tomato Pasta**

**ROASTED ITEMS**

**Spl. Rajgira Bhagar Diet Laddu ◆ Spl. Ragi Diet Laddau ◆ Soya Bhel / Ragi Bhel ◆ Roasted Bajra ◆ Flake Seed Mukhwas ◆ Wheat Puff / Ragi Puff ◆ Maltigrain Puff ◆ Rajgira Popcorn ◆ Jawari Popcron ◆ Ajwain, Til, Sauf Mukhwas**

**# 3-2-332, Somasundaram Street Down to Manju Theatre, Opp. Pochama Temple, Secunderabad. Ph : 040-4015 4900, 99080 21300**

(જા.ખ.)

# વિવિધા

## કુદરત ક્યાંક તું બેફામ વરસે. ક્યાંક લોક બુંદ બુંદ તરસે

લી. ''અજ્ઞાની મહેન્દ્ર વોરા''

કચ્છી નૂતનવર્ષની સર્વેને શુભકામના લેખને આપેલ નામ પરથી તો આપ સમજી ગયા હશો કે વાત વરસાદની છે હમણાં આપણે જોઈ રહ્યા છીએ કે ઉતર ભારત અને પૂર્વ ના રાજ્યોમાં વરસાદે કેવી તબાહી સર્જી છે આસામ મેઘાલયની હાલત બહુજ ખરાબ છે. અંદાજે સાતસો જેટલાં ગામડા અને કસ્બા એક બીજા થી વિખૂટા પડી ગયા છે. રાહત કાર્ય માટે સૈન્ય નો પણ સાથ લઈ ને પ્રશાસન કામ કરી રહ્યો છે જાનમાલનું નુકશાન થયેલ છે. ધીમે ધીમે બધુ થાળે પડશે પણ જેમના ઘરબાર ચાલ્યા ગયા છે, રોજીરોટી ચાલી ગઈ છે એને પાછા સ્થિર થવા કેટલી મુશ્કેલી પડશે એતોએ બીચારા અને ભગવાન જાણે પહેલાંજ આસામ ખડકાળ પ્રદેશ હોતાં કંઈ ખાસ ઉપજ થતી નથી વળી હમણાં આવા ભયંકર પૂર આવ્યા છે છતાં ઉનાળામાં ઘણીવાર ત્યાં પાણીની તકલીફ જ રહે છે. પહાડી ઈલાકા ના કારણે પાણી બધુ વહી જાય છે સરકાર પાણી ના સંગ્રહ માટે ત્યાં મોટા ડેમો કે તળાવો કેમ નથી બનાવતી ?

વળી ઈસ્ટ ઈન્ડીયામાં પડોશી દેશો ની ઘૂસણખોરી એટલી છે કે મૂળ ભારતીય કોણ છે તે જાણવું મુશ્કેલ છે. જો કે હવે ધીમે ધીમે આધાર કાર્ડ અને વોટીંગ કાર્ડ પછી સ્થિતિ થોડી સુધરી રહી છે.

હવે મેઘરાજાની સવારી રાજસ્થાન, દક્ષિણ ગુજરાત ને મુંબઈમાં વરસાદે ખૂબજ હાહાકાર મચાવેલ છે. મુંબઈ માટે તો કંઈ નવી વાત નથી દર વરસે આવીજ હાલત હોય છે દર વર્ષે નગરપાલિકા ગટ્ટરો ને નાલાઓ સાફ કરવાના કરોડો ના કોન્ટ્રાક્ટ આપે છે પણ મૂશળધાર વરસાદ પડે છે ત્યારે અનેક હોનારતો સર્જાય છે રેલ્વેલાઈનોમાં પાણી ભરાતાં લોકલ ટ્રેનો બંધ થઈ જાય છે. મુંબઈગરાને પારાવાર મુસીબતો થી પસાર થવું પડે છે. જુની બિલ્ડિંગો પડી જાય છે. જાન ના જોખમે લોકો તેમાં રહે છે. મજબૂરી છે ક્યાં જાય ? નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. તેના થકી ગંદકી વધી જાય છે ને બીમારીઓ નોતરે છે.

મહારાષ્ટ્રમાં મુંબઈ પૂનાને કોકણ પટ્ટામાં વરસાદ સારી પડે છે સામે મરાઠવાડા ને વિંદર્ભના અમુકભાગમાં દૂષ્કાળની પરિસ્થિતિ છે. અમુક નાના શહેરોમાં તો પિવાનું પાણી અઠવાડિયે એકાદવાર માંડ આવે છે.

નાના ગામંડાઓમાં સ્વચ્છતાની જૂંબેશ માં સરકારે શૌચાલયો તો બનાવી નાખ્યા પણ પાણીની અછત ને કારણે ત્યાં પણ ગંદકી વધી ને ફરી થી લોકોને કુદરતી હાજત માટે જંગલનો આશરો લેવો પડે છે.

દક્ષિણ માં ચેન્નાઈ આસપાસ ની હાલત બહુજ ખરાબ છે આટલા મોટા શહેર માં પિવા લાયક પાણી નથી વસ્તીવધારો ને વિકાસ ઘણો છે છતાં સરકાર પાણી જેવી પ્રાથમિક જરૂરીયાત પૂરી નથી પાડી શક્તી... ભારતભરમાં પાણીના વપરાશ કરતાં વેડફાટ વધારે છે મોટા એપાર્ટમેમન્ટો, મોલો, ઓફિસોમાં પાણી નો ખૂબજ વપરાશ છે.

# શ્રી આઠ કોટી નાનીપક્ષ સ્થાનક વાસી જૈન સંઘ, હૈદ્રાબાદ

પરમ પૂજ્ય ગુરૂદેવ આચાર્ય ભગંવત શ્રી સુરજી સ્વામી તથા પરમપૂજ્ય પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામીની શુભનિશ્રામાં આપણા સંઘના પુણ્યોદયે આપણી આગ્રહભરી વિનંતી ને સ્વીકારી આ વર્ષના પાવન પર્યુષણ પર્વના અવસરે મંગળવાર તા. ૨૭-૮-૨૦૧૯ થી મંગળવાર ૩-૯-૨૦૧૯ સુધી યોજનારી સામુહિક ધર્મ આરાધના હેતુ સુશ્રાવક હસમુખ હરખચંદ શાહ (ગામ કોડાય) સુશ્રાવિકા વિનલ જુબીન ગંગર (ગામ મોટી ખાખર) મુંબઈથી પધારશે. સંઘના સર્વે ભાઈ-બહેનો અને બાળકો લાભ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા નમ્ર વિનંતી છે.

જૈન ધર્મ ની પ્રાથમિક કેળવણી આપણા સંતાનો પામે એ શુભ હેતુથી નીચે મુજબની જ્ઞાન-શિબિરો નું આયોજન કરવામાં આવ્યું છે.

**At just the age of 32 years, Vinal is a CA, who is coming specially for youngsters to connect to Dharam in easy. Simple and Practical Language.**

**Lots of new activities, Games, Group discussions and completely new interesting ways for learning and understanding is awaiting for all... come once to know better.**

## કાર્યક્રમની રૂપરેખા - વિશિષ્ઠ શિબિરો

શનિવાર : ૩૧-૮-૨૦૧૯ સવારના ૧૦ થી ૪.૦૦ કલાક સુધી જ્ઞાન શિબિર

રવિવાર : ૧-૯-૨૦૧૯ સવારના ૧૦ થી ૪.૦૦ કલાક સુધી જ્ઞાન શિબિર

સોમવાર : ૨-૯-૨૦૧૯ સવારના ૧૦ થી ૪.૦૦ કલાક સુધી જ્ઞાન શિબિર

## દૈનિક કાર્યક્રમ ની રૂપરેખા

| | |
|---|---|
| પ્રતિક્રમણ | : સવારે ૫.૦૦ કલાકે |
| ધર્મ પ્રવચન | : સવારે ૯ થી ૧૦.૩૦ |
| ધાર્મિક ગેમ્સ | : સવારે ૧૧ થી ૧૨.૩૦ |
| ભોજન સમય | : ૧૨.૩૦ થી ૧.૩૦ |
| જ્ઞાન સાથે ગમ્મત | : બપોરે ૨ થી ૪.૦૦ |
| પ્રતિક્રમણ | : સાંજના ૬.૩૦ કલાકે |
| ધાર્મિક ચર્ચા | : રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે |
| સ્થળ | : શ્રી કચ્છી ભવન, અતિથિગૃહ, બીજે માળે, રામકોટ, હૈદરાબાદ |

પર્યુષણ પર્વ દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. શિબિરના દિવસે સાંજના પણ જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સંઘના પરિવારજનો સંપૂર્ણ કાર્યક્રમને વધાવી સફળ બનાવે. વિશેષ માહિતિ માટે સંપર્ક

**શ્રી જયેશ મામણીયા** — ૯૪૪૦૮ ૯૦૪૩૭

**શ્રી મનોજ હિરજી સાવલા** — ૯૮૪૯૭ ૭૪૮૪૫

(જા.ખ.)

એક બીજાને ગમતા રહીએ, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સહુના હૈયામાં વહચાકરે શાંત પળોમાં વિચારજો

નાના ફ્લેટો માં પણ આઠ દસ નળ તો હોય જ કામવાળા નળ ખૂલારાખી ને કામ કરે, કેટલું પાણી વેડફાઈ જાય. ઘરની સાફ સફાઈ ને વાહનો પાઈપ થી ધોવા થી હજારો લીટર પાણી વપરાઈ જાય. બોરીંગો સુકાતા ટેન્કરોં થી પાણી મંગાવે, જ્યારે વરસાદ હોય ત્યારે મોટી બિલ્ડીંગોની અગાશી અને કંપાઉન્ડના પાણી એમનાજ બોરમાં ને જમીનમાં સંગ્રહ થાય તેવી વ્યવસ્થા કરવી જેથી ભવિષ્ય માં જળનો સ્તર વધે આપણે પાણી બચાવશું તો પાણી આપણને બચાવશે. આપણા શહેરમાં કેટલાંક વર્ષોથી પાણી એકાંતરે આવે છે એ ખરેખર આવકાર્ય છે આના કારણે બચત પણ થાય ને પ્રજાને આદત પડી જાય...

આઝાદીના થોડા વર્ષો પછી ઉતર અને દક્ષિણ પૂર્વ પશ્ચિમ ની બધી નદીઓને એક બીજાથી નહેર દ્વારા જોડવી જેના કારણે અતિવૃષ્ટિના ટાઇમે જે પાણી સમુદ્ર માં વહી જાય છે તેનો સંગ્રહ થાય ને બારે માસ પાણી થી વહેતી નદીઓમાં વાહણવટો થઈ શકે જેના કારણે મુસાફરો અને માલ સામાનની પણ હેરફેર થાય એવી મહત્વ કાંક્ષી યોજનાઓ વિચારાઈ હતી પણ એનો અમલ ક્યારે પણ ન થઈ શક્યો અગર એ થાત તો હિન્દુસ્તાનમાં કેટલું પ્રદુષણ ઓછો થાત, સમયની બચત થાત, ને લોકોની મુડી પણ બચત...

હવે તો એ યોજનાઓ દિવાસ્વપ્ન લાગે કારણે કે ત્યારે હતા પંદર રાજ્યોને હવે થઈ ગયા ત્રીસ રાજ્યો. રાજ્યો વચ્ચે નદીઓ માટે વિવાદ ને ઝગડા ચાલે છે કેન્દ્ર સરકાર ક્યાં ક્યાં પહોંચે ?

પાણી એવી ચીજ છે જે હોય ત્યારે એની કિંમત નથી થતી ને અછત હોય ત્યારે જ એની કદર થાય...

ANIL LADDA 98496 51505
PRAMILA LADDA 86864 68086




Balaji Selection

Specialist in : Mirror Chaniya Choli,
Designer Dandia & Dresses, Kedia & Navratri Jewellery
Dealers in : Dress Material, Tops, Salwar Suits,
Sharara, Kids Sarees

(જા.ખ.)

1 pair Dandiya Free on Every purchase & Special Discount for KMM Members

Sultan Bazar, Near Pillar No 31&32, Kothi, Opp. Jain Mandir, Hyd -95. Ph : 2475 5362

Shop No. 12, # 4-4-933, Royal Plaza, Sultan Bazar, Hyderabad - 95. Ph : 24761505

TRADITIONAL & FANCY DRESSESS FOR
SCHOOL & COLLEGE ANNUAL DAY FUNCTIONS

# Kutchi Oswal Mutually Aided Credit Coop Society

Ph : 2475 2185

Presents

# POWER OF BODY LANGUAGE

Know the Importance of Body Movements to Give A Positive Impression of Yourself & Understanding Non Verbal communication during the Meeting get together etc.

Speaker : **JCI Sen Harinder Singh Ji** (Executive Vice President of JCI Of India & National Trainer)

**ON SUNDAY 18TH AUGUST 2019**

Venue: **Hotel Veg Park,** Basheerbagh, Time : **9.00 Am to 9.45 Am** Registration

Program : 10 Am to 12.30 Pm Jain Lunch Follows.

**Entry Fee :Rs.200/- (First cum First Basis)**

**Registration for 150 Members Only. Passes available at Society Office**

**Attend: Program for Young & Old. (Entire program will be in Hindi)**

# પાવર ઑફ બોડી લેન્ગ્વેજ

**(શબ્દ થી પરે)**

આ વિષય પર આપણને માહિતી આપશે કે આપણી બોડીની મુવમેન્ટ નો પોજેટીવ ઈમ્પ્રેશન કેવી રીતે સામે વાળા પર નાખવી. આપણે જ્યારે કોઈ સાથે મીટીંગ, વિચાર વિમર્ષ કરવા જઈએ ત્યારે આપણી બોડી લેન્ગ્વેજ શું કહે છે, આ વિષય પર આપણને સવિસ્તર માહિતિ ાપવા માટે આવી રહ્યા છે.

વક્તા : **શ્રી હરવિન્દર સિંહજી**

જે.સી.આઈ ઈન્ડીયાના વાઈસ પ્રેસીડેન્ટ અને રાષ્ટ્રીય ટ્રેનર છે.

રવિવાર, તા. ૧૮-૮-૨૦૧૯, સમય : સવારના ૯.૦૦ થી ૯.૪૫ રજિસ્ટેશન

સ્થળ : હોટલ વેજ પાર્ક, બશિરબાગ, હૈદરાબાદ

પ્રોગ્રામ બાદ જૈન ભોજનની વ્યવસ્થા રાખેલ છે

ફક્ત ૧૫૦ પાસ આપવામાં આવશે. (વહેલો તે પહેલો ધોરણે)

પ્રવેશ શુલ્ક : રૂા. ૨૦૦/-, ડોનર પાસ સોસયટી ઓફીસમાં મળશે.

(આ કાર્યક્રમ બધી ઉમરના લોકો માટે છે) આ કાર્યક્રમ હિન્દીમાં રહેશે.

| Chairman | Managing Director | Event Commitee |
|---|---|---|
| SANJAY N GALA | ANISH P CHHEDA | HITEN M SANGHOI |

(જા.ખ.)

# KUTCHHI OSWAL MUTUALLY AIDED CO-OP. CREDIT SOCIETY LTD.

Regd No. AMC/HYD (4) 96/13

101, S.V. Fortune, Edenbagh, Hyderabad - 500 095 (TS). Ph : 6625 6563, 2475 2185

(Strictly for Circulation among members only)

Date : 20-7-2019

**Dear Members,**

**Seasons greetings to ALL**

**We are pleased to inform that Board of Directors have decided to start Fixed Deposit Scheme for its members, details are as follows :**

1) **This scheme has started from 15-7-2019.**
2) **Fixed Deposit amount will get an interest rate of 7.75 % p.a. for senior citizens (above 60years) and 7.25% for regular members.**
3) **Maturity of these deposits will be 31-3-2021.**
4) **Interest for each corresponding year will be paid at the end of financial year.**
5) **Minimum amount for F.D.R.s' Rs. 5000/- and maximum amount per member is Rs. 1 Lakh.**
6) **Members who have participated in D.S.Y III scheme can also opt for this scheme upon maturity of DSY III.**

**Kindly contact office for further details.**

સહર્ષ જણાવવાનુ કે કોમેક્સ દ્વારા સંસ્થાના સભ્યો માટે ફિક્સડ ડિપોજીટ સ્વીકારવાનુ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ફિક્સ ડિપોજીટ ની વિગત નિચે પ્રમાણે છે.

૧) આ યોજના તા. ૧૫-૭-૨૦૧૯ થી અમલમાં આવેલ છે.
૨) ફિક્સડ ડિપોજીટ ઉપર સિનિયર સિટીઝન (૬૦વર્ષ ની ઉપર) માટે ૭.૭૫ ટકા અને અન્ય સભ્યો માટે ૭.૨૫ ટકા લેખે વાર્ષિક વ્યાજ આપવામાં આવશે.
૩) ફિક્સડ ડિપોજીટ ની પાકતી મુદત તા. ૩૧-૩-૨૦૨૧ ના છે.
૪) વ્યાજ ની ચુકવણી પ્રત્યેક નાણકિય વર્ષ ના અંતમાં કરવામાં આવશે.
૫) ડિપોજીટ ની ન્યુનતમ રકમ રૂ.૫૦૦૦/- અને મહત્તમ રકમ સભ્ય દિઠ રૂ. ૧ લાખ સુધીની છે.
૬) ધન સંચય III માં ભાગ લીધેલ સભ્યો પણ, જ્યારે ધનસંચય III (D.S.Y III scheme) ની મુદ્દત પુરી થતા પોતાની રકમ ફિક્સડ ડિપોજીટમાં જમા કરાવી શકશે.

**SANJAY GALA**
Chairman

**ANISH P. CHHEDA**
Managing Director

(જા.ખ.)

AJS
SHRI ACHALGACHH JAIN SANGH
(HYDERABAD CITY)

**શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)**
**શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ, જૈન દેરાસર લેન,**
**૩-૪-૨૧૭, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ ૫૦૦૦૨૭.**
**ફોન. ૦૪૦-૨૭૫૫૧૬૦૫**

# શ્રી સંઘ આમંત્રણ

દિવ્યકૃપા: **શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.**

આશિર્વાદ દાતા :

**વર્તમાન અચલગચ્છાધિપતિ તપચક્રવર્તિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા., નૂતનત્રય આચાર્યશ્રી પ.પૂ. કવીન્દ્રસાગરસૂરિજી મ.સા., પ.પૂ. વીરભદ્રસાગરસૂરિજી મ.સા., પ.પૂ. મહોદય સાગરસૂરિજી મ.સા.**

❖ આરાધના કરાવવા પર્યુષણ પર્વથી ૮ દિવસ પહેલા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈ થી **કમલાબેન તેજપારદેઢિયા-ગઢશીશા, કલ્પનાબેન લક્ષ્મીચંદ વિકમાણી-કોટડા રોહા, ભક્તિ વિનોદ ગાલા-ગુંદાલા** પધારશે. તા. ૨૨-૮-૨૦૧૯ થી સવારના ૯.૦૦ કલાકે વ્યાખ્યાન રહેશે.

પ્રતિ વર્ષાનુસાર આ વર્ષે પણ અક્ષયનિધી, સમોવસરણ તથા ચૌદપૂર્વ તપના એકાસણા તારીખ ૧૯-૮-૨૦૧૯ થી શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે. દીપક સ્થાપના તથા કુંભ સ્થાપનાનો ચડાવો તા. ૧૯-૮-૨૦૧૯ ના સવારના લેવામાં આવશે.

**એકાસણા કરાવવા માટે દાતાશ્રી આવકાર્ય, નકરો એક દિવસના રૂા. ૩૧૦૦૦/-**
**તા. ૧૯-૯-૨૦૧૯ થી દરરોજ વ્યાખ્યાન રહેશે**

## સં. ૨૦૭૫ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ના મંગલમય કાર્યક્રમ

**૧**
શ્રાવણ વદ ૧૩
મંગળવાર, તા. ૨૭-૮-૨૦૧૯
સવારના ૯.૦૦ કલાકે
પ્રવચન

**૨**
શ્રાવણ વદ ૧૪
બુધવાર, તા. ૨૮-૮-૨૦૧૯
સવારના ૯.૦૦ કલાકે પ્રવચન
પ્રવચન દરમ્યાન કલ્પસૂત્ર વ્હોરાવવાની બોલી

**૩**
શ્રાવણ વદ ૩૦
ગુરૂવાર તા. ૨૯-૮-૨૦૧૯
સવારના ૯.૦૦ કલાકે પ્રવચન,
કલ્પસૂત્ર માંડણી વાંચન,
કલ્પસૂત્ર વાજતે ગાજતે
પધરાવનારના ઘરે લઈ જવામાં આવશે.

**૪**
ભાદરવા સુદ ૧
શુક્રવાર, તા. ૩૦-૮-૨૦૧૯
સવારના ૯.૦૦ કલાકે
કલ્પસૂત્ર વાંચન

૫
ભાદરવા સુદ ૨
**શનિવાર તા. ૩૧-૮-૨૦૧૯**
**સવારના ૯.૦૦ કલાકે કલ્પસૂત્ર વાંચન,**
**શ્રી ચૌદ સ્વપનાજીની ઉછામણી તથા**
**શ્રી મહાવીર પ્રભુજી નું જન્મ વાંચન**
**બપોરના ૧૨.૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય**

૬
ભાદરવા સુદ ૩
**રવિવાર તા. ૧-૯-૨૦૧૯**
**સવારના ૯.૦૦ કલાકે**
**કલ્પસૂત્ર વાંચન**

૭
ભાદરવા સુદ ૪
**સોમવાર તા. ૨-૯-૨૦૧૯**
સવારના ૯.૦૦ કલાકે **કલ્પસૂત્ર વાંચન,**
**બારસા સૂત્ર વહોરાવવાની બોલી**

૮
ભાદરવા સુદ ૫
**મંગળવાર તા. ૩-૯-૨૦૧૯**
**સવારના ૯.૦૦ કલાકે બારસા સૂત્ર વાંચન,**
**બપોરના ૨.૦૦ કલાકે સાંવત્સરિક પ્રતિક્રમણ**
**સ્થળ : જિનેશ્વરધામ, કાચીગુડા**
**સાંજના ૪.૩૦ કલાકે સાંવત્સરિક પ્રતિક્રમણ**
**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ**


ભાદરવા સુદ ૬ **બુધવાર તા. ૪-૮-૨૦૧૯**
સવારના ૫.૩૦ કલાકે : **દ્વાર ઉદ્‌ઘાટન, સામુહિક ચૈત્યવંદન, માંગલિક.**
સવારના ૭ થી ૮.૩૦ કલાકે : **તપસ્વીઓના પારણા તથા સકળશ્રી સંઘને નવકારશી,**
સવારના ૯.૦૦ કલાકે **શ્રી અક્ષયનિધી તપનો વરઘોડો લાભ લેનાર પરિવારના ઘરે જશે.**

- પર્યુષણ પર્વ દરમ્યાન રોજ રાત્રે ૮.૩૦ કલાકે થી ભક્તિ ભાવના ની રમઝટ જમાવવા **શ્રીમતી દેવી છેડા** તથા સાથી કલાકારો મુંબઇ થી પધારશે.
- પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ પ્રભુજીની ભવ્ય આંગી રચવામાં આવશે. નકરો દર રોજના રૂા. ૩૦૦૦/- લેખે ચાર પરિવારના નામ લેવામાં આવશે.
- આયંબીલ ખાતું નિયમીત ચાલુ છે આયંબીલ ખાતામાં આપનું યોગદાન જરૂરથી લખાવશો.
- ચાતુર્માસ તથા પર્યુષણ પર્વના ખર્ચને પહોંચી વળવા સાધારણ ખાતામાં આપનું યોગદાન લખાવવા વિનંતી.

## લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ - હૈદરાબાદ (સિટી) વતિ

**શા. દામજી જીવરાજ નાગડા**
ચેરમેન

**પોપટલાલ કેશવજી છેડા**
મેનેજીંગ ટ્રસ્ટી



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

By Chandan H. Haria

## TOPIC - CRICKET WORLD CUP

1) Which Indian holds the record for the maximum number of ducks in World Cup Matches ?
2) Who is the only player who was the part of a world cup winning squad yet did not play any international match ever ?
3) Who is the only batsman to hit 6 sixes in an over in a world cup match ?
4) Which player holds the record for highest individual score in an innings in a world cup ?
5) Who is the only bowler to take 2 hat-tricks in world cups ?
6) Which player was the man of the match in both the semi final and final of the 1983 world cup ?
7) How many times has Indian beaten Pakistan in world cup matches ?
8) Who was the Indian Captain for the first 2 editions of the world cup in 1975 and 1979 ?
9) Indian's highest score in world cup is against which country ?
10) Which player holds the record for 4 consecutive Centuries during a world cup ?

So friends, please send your answers by whatsapp to this Mobile No. 73828 00007 on or before the end of 24th August 2019.

Names of the members who will give correct answers will be published in the next months Niyapo.

# DONATE EYES LIVE TWICE

For Obituary, Notice, Birthday, Marriage Greetings, Religious, Commercial Advertisements in Daily Hindi Milap, Deccan Chronicle, Eenadu & Other News Papers
Multi Colour Stickers for Marriage, LOGO Designing, Broucher & Souvenir Printing, Computerised Kundli, Match Making,

Contact: **ATLAS ADVERTISING & DESIGNING**
Ridesh Ramesh Jagirdar - 66780780, 40258999, 98499 88999


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 2967 4007/8/9

।। અનંત ચોવિશી જીનહ નમો ।।

શુભ
।।શ્રી આદિનાથ દાદા ને નમઃ।।

લાભ
।।શ્રી મહાવીરસ્વામી ને નમઃ।।







# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ


૩-૪-૨૧૫/એ, આર.કે. કોમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા, ૧૦૧, ૧ માળે,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન. ૦૪૦-૨૭૫૬૨૫૪૫

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા - ૯૨૪૬૫ ૩૨૫૪૫
પ્રચાર સંયોજક : રિદ્ધીશ જાગીરદાર - ૯૮૪૯૯ ૮૮૯૯૯


**દર મહીનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે-સાથે દર મહીનાના ત્રીજા રવિવારે કાચીગુડા થી મેડચલ શ્રી ત્રિભુવન પાર્શ્વનાથ ૭૨ જિનાલય યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે.**

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રા ના કાયમી સંઘપતી

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઇ

હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભૂપેન્દ્ર
કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર

## શ્રી મેડચલ તીર્થ યાત્રા ના કાયમી સંઘપતીઓ

માતુશ્રી ઉષાબેન પ્રતાપરાય કપાસી, હસ્તે એમના સુપુત્રો

માતુશ્રી ગુલાબબેન કસ્તૂરચંદ ખંડોર, હસ્તે શ્રી સુભાષભાઈ ખંડોર

ઉર્વીબેન ખારા ની સ્મૃતિ માં હસ્તે શ્રીમતી નીલાબેન નલીનભાઈ ખારા

માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર, હસ્તે શ્રીમતી કુસુમબેન સુરેશચંદ ગોસર

માતુશ્રી કમલાબેન હેમરાજ શાહ, (કલકત્તા વાળા) હસ્તે શ્રી વિકાસભાઈ શાહ

## ગરીબ ભોજનના કાયમી દાતા

માતુશ્રી હાંસબાઈ ભવાનજી ધરોડ, હસ્તે સરલાબેન ભુપેન્દ્ર વોરા

## યાત્રીક ભાતાના કાયમી લાભાર્થી

શ્રીમતી સુરેખાબેન પ્રવિણભાઈ વોરા

(જા.ખ)